હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બાપુ, તમે દિલમાં તો હતાજ, પણ હવે આ મોંઘવારીમાં ખીસ્સમાં પમ રહેજો...!!

સરકારી પ્રાથમિક શાળા સેક્ટર ૩૦ ખાતે ગાંધી જયંતી ની ઉજવણી નિમિત્તે ગાંધીજીના જીવન ચરિત્ર વિશે શાળાના શિક્ષિકાબેન પ્રેમીલાબેન પ્રજાપતિએ માહિતી આપી હતી. આ દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીજી વિશે વક્તૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું વિદ્યાર્થીઓને ગાંધીજીના જીવન અને કવન વિશે જણાવવામાં આવ્યું હતું અને ગાંધી વિચારધારા નું મહત્વ સમજાવ્યું હતું.

મહાત્મા ગાંધીજી ની ૧૫૩મી જન્મજયંતિ નિમિત્તે પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું

ગાંધીનગર,તા.૦૧

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં મહાત્મા ગાંધીજીની ૧૫૩મી જન્મજયંતીની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા ઉજવવામાં આવી. આ પ્રદર્શનમાં મહાત્મા ગાંધીજીના પુસ્તકો જેવા કે., આરોગ્યની ચાવી, ગાંધી ગંગા, રચનાત્મક કાર્યક્રમ અને તેનું રહસ્ય, મોહનમાંથી મહાત્મા, ગ્રામ સ્વરાજ, હિન્દ સ્વરાજ, સત્યના પ્રયોગો વગેરે જેવા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના એમ કુલ ૭૦ પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતાં. જેનો લાભ સંકુલના બી.એ. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ અને ઈતિહાસ વિભાગના અધ્યાપક ડૉ. મોતીભાઈ દેવું તથા ડૉ. રાજેન્દ્રભાઈ જોશી એ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક ડૉ. રાજેન્દ્રભાઈ જોશી ના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશ પરીખ, મથુરભાઈ નિસરતા, દિશા દવે, કિશન પંચાલ, જતીન સોલંકી, મહેન્દ્ર રહેવર અને મયુર રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઈન્ફોસીટી સ્કૂલમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૧

ઈન્ફોસીટી શાળામાં નવલા નોરતાના આદ્યશક્તિમાં જગતજનનીની આરાધના સ્વરૂપે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગરબા અને દાંડીયા-રાસની રમઝટ જામી હતી. શાળાના ધોરણ ૬ થી ૧૨ના અંગ્રેજી તથા ગુજરાત માધ્યમના તમામ વિદ્યાર્થીઓ, મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા સર, ટ્રસ્ટ ઉષાબેન, પ્રમુખ વૈષ્ણવ સર, ટ્રસ્ટ ભાવનાબેન, પ્રિન્સિપાલ અમિતાબેન અને પ્રવિણાબેન, કો. ઓડિનેટર રાહુલભાઈ, સુપરવાઈઝર, દિપીબેન તથા ઈન્ફોસીટી સ્કૂલના તમામ સ્ટાફ શિક્ષક-મિત્રોએ ઉત્સાહપૂર્વક 'મા અંબાના ગરબા' રમ્યા હતા. શાળાના ભુલકાઓ ટ્રેડીશનલ ડ્રેસ અને અવનવી સ્ટાઈલ સાથે ગરબા રમતા જોવા મળતા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના શિશુનિકેતનમાં વાલી પ્રબોધન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરમાં આવેલી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના શિશુનિકેતનમાં કુલપતિ ડૉ. હર્ષદ પટેલની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ વર્ષ-૨૦૨૨-૨૩માં પ્રથમ વાલી પ્રબોધન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. વાલી પ્રબોધન-૧ માં વિદ્યાર્થી સહિત કુલ ૧૧૭ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિસ્તરણ વિભાગના નિયામક ડૉ. રણજીતસિંહ પવારે વાલીઓ સમક્ષ પંચકોશ અને બાળકના સર્વાંગી વિકાસ વિષય પર માહિતી આપી હતી. ડૉ. કૃણાલ પંચાલે તેમની આગવી શૈલી દ્વારા વાલીઓને બાળકોના ઘડતરમાં માતા-પિતાની ભૂમિકા વિશે ઉદાહરણ સહિત માહિતી આપી. સમગ્ર કાર્યક્રમનું સંકલન દિવ્યાબેન રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઘ-૩ થી ચ-૩ તરફ જતાં માર્ગનું કામ ચાલી રહ્યુ છે. ચૌધરી સ્કૂલ તરફ જવાના માર્ગનું નવીનીકરણ થતાં આ માર્ગને બંધ કરાયો છે.

ગરબાના ફ્રી પાસ મેળવવા ભારે ધસારો

શનિ-રવિ ગરબા પાસની ખરીદી માટે લાઈનો લાગી

ગાંધીનગર, તા. ૦૨

ગાંધીનગર એટલે રાજયનું પાટનગર એવી ઓળખ ઉપરાંત હવે આ નગર સાંસ્કૃતિક અને સાહિત્યક્ષેત્રે પણ આગવી ઓળખ ધરાવે છે. ગાંધીનગરમાં નવરાત્રીના ગરબાએ તેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે.

ગાંધીનગર કર્મચારીઓનું નગર નથી રહ્યું અહીં કલા અને સંસ્કૃતિનું પણ એટલુ જ મહત્વ છે. આ નગરમાં નાગરી પરંપરાના બેઠા ગરબા શેરી ગરબા તેમજ કલ્ચરલ ફોરમ અને અન્ય ત્રણથી ચાર પાટનગરના આયોજકો છે.

આ નગર આમ તો વી.આઈ.પી. નગર છે અને વી.આઈ.પી. નગર હોવાને નાતે અહી પાસનું મહત્વ પણ વધારે છે. સરકારી કાર્યક્રમમાં પણ પાસ અને ગરબામાં પણ પાસ, ક્રિકેટ મેચ હોય તો પણ પાસ એટલે અહી દરેક બાબતમાં પાસ એ આગવી ઓળખ બની છે.

મોટા ગરબાના આયોજનોમાં ભાગ લેવા માટે પાસની પડાપડી પણ જબરજસ્ત હોય છે. પાસ માટે મંત્રીની કચેરીથી માંડી અને નાના કર્મચારીઓ પણ આયોજકો પાસે જાત-જાતના પરિચયો સાથે ઓળખાણો સાથે પહોંચી જતા હોય છે. જોકે ગરબા પર ૧૮ ટકા ટિકિટો પર જીએસટી લાદવામાં આવ્યો હોવાથી પણ ટિકિટ ખરીદીને જનારા ખેલૈયાઓ પણ મોટી સંખ્યામાં હોય છે.

''મેને માના કી કુછ નહી ગાલિબ મુફ્ત હાથ આયે તો બુરા ક્યા હૈ''

આપણે કોઈએ કયા સંદર્ભમાં લખ્યુ હોય પણ એનો પોતીકો અર્થ કાઢી લઈએ છીએ અને એ રીતે આગળ વધીએ છીએ પણ મફતનું કંઈ લેવામાં મજા નથી. પછી એ પાસ હોય કે કોઈ ચીજ કે લાલચ... એમાં આખરે તો નુકસાનીનો જ ધંધો હોય છે.

ગાંધીનગર શહેરમાં સૌરાષ્ટ્રવાસીઓ અને ઉત્તર ગુજરાતવાસીઓની વસ્તી વધુ હોવાથી અહિ સૌરાષ્ટ્રના રાસ ઉપરાંત ઉત્તર ગુજરાતના પરંપરાગત ગરબાઓની રમઝટથી ગુજરાતની આગવી ઓળખ જે છે તે જોવાની મજા અનેરી હોય છે. મોટા ગરબાના આયોજનોમાં નાસ્તાના સ્ટોલ હોય છે તો શેરી ગરબામાં નાસ્તાના આયોજનો હોય છે. કેટલીક મીઠાઈની દુકાનોમાં નાસ્તા માટેની લાઈનોને પહોંચી વળવા પણ ટોકન આપતા નજરે પડ્યા છે.

અડાલજ ઈન્કમટેક્ષ ઈન્સ્પેકટરની ગાડીનો કાચ તોડ ૩ મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા. ૨

અડાલજ નર્મદા કેનાલ જોગણી માતાના મંદિર નજીક ઈન્કમટેક્ષ ઈન્સ્પેકટરની ગાડીનો કાચ તોડી અંદર રહેલા પાઉચમાંથી ત્રણ ફોન સહિત રૂ.૩૧.૫૦૦ મત્તાની ચોરી થવા પામી છે. અડાલજ પાસે નિત્યક્રમ મુજબ અધિકારી સાંજના સમયે ચાલવા માટે ગયા હતા, તે સમયે ઘટના બની હતી. જો કે બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ મોટેરા સ્ટેડીયમ પાસે સ્ટેડીયમ વિલા બંગ્લોઝ ખાતે રહેતા પ્રભાકર કૈલાશચંદ્ર નોટીપાલ (ઉં.૩૩)આંબાવાડી ઈન્કમટેક્ષ ખાતે ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવે છે.

ગઈકાલે સાંજના સમયે ઈન્કમટેક્ષ અધિકારી પત્ની સાથે ફોકસવેગન કાર નં. જી.જે.૦૧.આર.એકસ-૮૪૪૯ લઈને ચાલવા માટે જઈ રહ્યા હતા. ત્યારે અડાલજ ડીવાઈન ચાઈલ્ડ સ્કુલની પાસે કેનાલ જોગણી માતાજી મંદિર નજીક કાર પાર્ક કરી ચાલીને સાંજના પોણા આઠ વાગે પરત આવ્યા હતા. તે સમયે જોયુ તો ખાલી સાઈડનો ગાડીનો દરવાજાનો કાચ તુટેલો હતો. જેથી ગાડીનું લોક ખોલી ચેક કરતા સ્ટેયરીંગની બાજુમાં બોકસમાંથી વન પ્લસ મોબાઈલ બે કિં.૨૦ હજાર તેમજ રૂ.૧૫૦૦ રોકડ, રેડમી નોટ કિ.૧૦ હજાર મળી કુલ રૂ.૩૧.૫૦૦ ની ચોરી થવા પામી છે. જયારે પાઉચમાં રહેલી ગાડીની વીમા પોલીસી, આર.સી.બુક,લાયસન્સ પણ ચોરી થઈ ગયું હતું. બનાવ અંગે ઈન્કમ ટેક્ષ અધિકારીના ગાડીના કાચ તોડી સામાન લઈ જતા અડાલજ પોલીસ પણ દોડતી થઈ ગઈ છે.

વાવોલ દ્વારકેશ સોસાયટી ગેટની બહારથી બાઈક ચોરાયું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના વાવોલ ગામની દ્વારકેશ સોસાયટીના ગેટની બહાર પાર્ક કરેલા બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે યુવકે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ મુળ મહેસાણા જિલ્લાના કડી તાલુકાની રાજપુર ગામના જીગ્નેશ દરશરથજી ડાભી પરિવાર સાથે રહે છે. જયારે જીગ્નેશ નંદાસણ ખાતે ખોડલ અગરબત્તી નામની દુકાન ચલાવી વેપાર કરે છે. જીગ્નેશભાઈ તેમજ દુકાનમાં કામ કરતા સંજયભાઈ લાલાભાઈ પ્રજાપતિ બાઈક જી.જે.૦૨.બી.જે.-૪૩૮૬ નો ઉપયોગ કરતા હતા. ગઈકાલે સવારે સાત વાગે દુકાન પર કામ કરતા સંજયભાઈ અગરબત્તીના વેપાર માટે વાવોલ દ્વારકેશ સોસાયટી ખાતે આવીને ગેટની બહાર બાઈક પાર્ક કર્યું હતું. અગરબત્તીનું વેચાણ કરી આશરે નવ વાગે પરત ફર્યા હતા. તે સમયે જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું.દ્વારકેશ સોસાયટીની આસપાસના વિસ્તારની સોસાયટીઓ, સેકટરોમાં તેમજ વિવિધ જગ્યા પર તપાસ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું હતું. યુવકે રૂ.૨૦ હજારના પેશન પ્રો બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કુડાસણ શ્રીફળ હાઈટ્સની બહાર પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં શ્રીફળ હાઈટ્સની બહાર પાર્કિંગમાંથી સ્પ્લેન્ડર બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે યુવકે રૂ.૩૫ હજારના બાઈક ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરના નવા કોબા ગામે રાવળવાસ ખાતે રહેતો રાજુ રણછોડ રાવળ ડ્રાઈવર તરીકે નોકરી કરે છે.

રાજુ બાઈક નં. જી. જે. ૦૧. વી. સી. - ૨૧૪૭ નો ઉપયોગ નોકરી આવન જાવન માટે કરતો હતો. રાજુ રાવળ કુડાસણ ફ્રેશ વેજીટેબલમાં નોકરી કરતો હતો. ગત તા.૨૯ ના રોજ શ્રીફળ હાઈટ્સ કોમ્પલેક્ષની બહાર બાઈક પાર્ક કર્યું હતું.જયારે સાંજના ૫ કલાકે બહાર આવીને જોયુ તો બાઈક પાર્કિંગમાં ન હતું.

બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. રૂ.૩૫ હજારના બાઈક ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

લેકાવાડા ગામે થી ઈકોનું સાયલેન્સર ચોરાયું

ગાંધીનગર,તા.૨

ગાંધીનગરના લેકાવાડા ગામેથી ઈકો કારનું સાયલેન્સરની ચોરી થઈ છે. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ લેકાવાડા ગામે રતન ટેકરી ખાતે રહેતા રમેશજી સુરસંગજી સોલંકી પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરે છે. રમેશજી પાસે ઈકો કાર નં.જી.જે.૧૮.બી.કે.-૪૦૩૩ છે. ગત તા.૩૦ સપ્ટેમ્બરના રોજ રાત્રીના આઠ વાગે રમેશજી ઈકો ગાડી લઈ ચિલોડા સર્કલ પાસે આવેલા અક્ષર કોમ્પ્લેક્ષ આગળ પાર્ક કરી હતી. રમેશજી તેમજ કલ્પેશકુમાર ઠાકોર મોટા ચિલોડા નવરાત્રી જોવા માટે ગયા હતા. જયારે નવરાત્રી જોઈને રાત્રે આવતા મોડું થઈ ગયું હતું. જેથી ચિલોડા થી લેકાવાડા જતા રહ્યા હતા.

જયારે બીજા દિવસે સવારે બહાર ગામ જવાનું હોવાથી ચિલોડા આવીને ગાડી ચાલુ કરતા અવાજ બદલાયેલ લાગ્યો હતો. જેથી નીચે નમીને ચેક કરતા સાયલેન્સરના બોલ્ટ ખુલ્લા જોવા મળ્યા હતા અને સાયલેન્સરની ચોરી થઈ હતી. ચિલોડાના આસપાસના વિસ્તારમાં સાયલેન્સરની શોધખોળ કરી હતી, પરંતુ સાયલેન્સર મળી આવ્યું ન હતું. જેથી પોલીસ મથકે રૂ. ૧૦ હજારના સાયલેન્સરની ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામસેવા સંકુલ ખાતે ગાંધી જયંતિની વૈવિધ્યપૂર્ણ ઉજવણી

ગાંધીનગર,તા.૦૨

મહાત્મા ગાંધી ની જન્મ જયંતિ જયારે વિશ્વ ભરમાં વિશ્વ અહિંસા દિવસ તરીકે ઉજવાય છે ત્યારે મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ ના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ૨ જી ઓકટોબર ની વિવિધ રચનાત્મક કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી.જેમાં પુસ્તક પ્રદર્શન, સમૂહ સફાઈ, સ્વચ્છતા રેલી, ગાંધીવિચાર મનન અને મીમાંસા પરીક્ષા, જેવા ગાંધી વિચાર પ્રેરિત કાર્યક્રમનું આયોજન થયું. સાથે સાથે વિદ્યાર્થીઓ દ્વારા અખંડ કાંતણ યજ્ઞ પણ થયો. આ સમગ્ર કાર્યક્રમ માં મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ ખાતેના બી. એ, એમ. એ વિભાગ તથા શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિભાગ ના વિદ્યાર્થીઓ અને અધ્યાપક શ્રી એવકો જોડાયા હતા. સ્વચ્છતા રેલીને પ્રસ્થાન સંકુલના સંયોજક

શ્રી ડૉ.રાજેન્દ્ર જોષી અને શારીરિક શિક્ષણ વિભાગ ના ડીન અને અધ્યક્ષ ડો.જગદીશ ચંદ્ર સાવલિયા એ કરાવ્યું હતું. સમગ્ર આયોજન સંકુલના સંયોજક શ્રી ડૉ રાજેન્દ્ર જોષી ના માર્ગદર્શનમાં પ્રોગ્રામ ઓફિસર ડો. મોતી દેવું અને ડૉ દિવ્યેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર વિદ્યાર્થીઓ અને સમગ્ર સ્ટાફ વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાયો હતો.

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગરબા મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨

મહિલા પાંખ દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે બ્રહ્મભવન સે. ૧૬ ખાતે વિવિધ વયજૂથમાં ગરબા સ્પર્ધાનું સુંદર આયોજન બ્રહ્મસમાજની બહેનો માટે કરવામાં આવ્યું હતું. વયજૂથ મુજબ પાંચ વર્ષની દિકરીઓથી લઈને ૯૦ વર્ષની બહેનોએ ખૂબજ મોટી સંખ્યામાં ગરબામાં ભાગ લીધો હતો અને ખૂબજ શ્રદ્ધા અને ભાવથી માથે માંડવી અને ગરબા લઈને ગરબે ઘુમ્યા હતા. ગરબામાં ભાગ લેનાર તમામ બહેનોને લાબી સંસ્થા તરફથી આપવામાં આવેલ અને સ્પર્ધકોને ઈનામનો મનીષાબેન ત્રિવેદી, પૂર્વ પ્રમુખ ચંદ્રિકાબેન રાવલ અને સંસ્થાના મંત્રી વિમળાબેન અયાચી તરફથી આપવામાં આવેલ. ગરબા હરિફાઈમાં નિર્ણાયક તરીકે કુ. ઝરણા દવે અને બિન્દુબેન દવેએ સેવાઓ આપી હતી.

હરિનગર સોસાયટી ખાતે સ્ટે.કમિટી ચેરમેનની મુલાકાત

ગાંધીનગર, તા.૦૦૨

ગાંધીનગરમાં વિવિધ સોસાયટીઓમાં શેરી નવરાત્રી ધામધૂમથી ઉજવાઈ રહી છે અને મહાનગરપાલિકાના હોદ્દેદારો વિવિધ સોસાયટીની મુલાકાતે જઈ રહ્યાં છે. શહેરના વાવોલ વિસ્તારમાં હરિનગર સોસાયટી ખાતે મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જસવંતભાઈએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે હરિનગર સોસાયટીના પ્રમુખ કચરાજી કાળુજી ગોલ, તેમજ સોસાયટીના અને નવરાત્રી મંડળના અગ્રણીઓ ડૉ.મંડલી, બાબરીયાભાઈ, દશરથભાઈ, ત્રિવેદીભાઈ, પ્રવિણસિંહ વાઘેલા વગેરે હાજર રહી જસવંતભાઈનું શાલ ઓઢાડીને અભિવાદન કર્યુ હતું. આ મુલાકાત દરમ્યાન સ્ટે. ચેરમેને હરિનગર સોસાયટી ખાતે સ્થિત શહેરના એકમાત્ર લક્ષ્મી નારાયણ મંદિરે દર્શન કરીને નવરાત્રી ચોકમાં માતાજીની આરતી ઉતારી હતી.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં હીટવેવનુ મોજુ યથાવત્ રહેતાં શહેરીજનોએ ''આરામ'માં રજાનો દિવસ પસાર કરવાનું પુનાસિબ માન્યુ હતુ.
- ઓકટો. માસના આગમન પછી પણ વીજમાંગમાં હજુ સુધી ઘટાડો થયો નથી.
- ગાંધીનગર જિલ્લામાં અર્બુદા સેના દ્વારા આજે ૪ જેટલા સ્થાનોએ રક્તદાન કેમ્પનું આયોજન કરી ૧૭૦થી વધુ બોટલ રક્તદાન કર્યુ હતુ. ૩૧૦ જેટલા વડીલોનું સન્માન અને ૨૫ જેટલા સૈનિકોનું સન્માન પણ કર્યુ હતુ.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં પ્રિકોશન ડોઝનું વેક્સિનેશન ધીમી ગતિએ ચાલતુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૩ લોકોને જ આવરી લેવામાં આવ્યા હતા.
- આજે રાષ્ટ્રપતિની સૂચિત મુલાકાતને લઈ જિલ્લા વહીવટીતંત્રની ઓફિસો ચાલુ રહી હતી.
- ગાંધીનગર શહેરમાં જાહેર પાર્કિંગની સમસ્યા વિકરાળ બની ઉભરી રહી છે.
- ગાંધીનગર શહેરમાં આજે માહિતીખાતાની કચેરી કાર્યરત રહી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં ચીલ ઝડપના વધી રહેલા બનાવથી જિલ્લામાં ભયનો માહોલ છવાયો છે.
- શહેર-જિલ્લામાં ફાફડા-જલેબી અને ફરસાણના ભાવમાં થયેલા વધારાથી સ્વાદ રસિયાઓમાં કચવાટ જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર શહેરમાં શેરી ગરબાઓની પણ આ વખતે સારી જમાવટ જોવા મળી રહી છે.

નવરાત્રીમાં શહેરીજનો નવા-નવા ટ્રેન્ડને ફોલો કરી રહ્યા છે. જેમાં ટ્રેડિશનલ લૂકની સાથે સાથે નવુ કરતા જોવા મળી રહ્યા છે. જેમાં આ વખતે લાઈટવાળી ચણિયાચોળી આકર્ષણનું કેન્દ્ર બની છે. દિવ્યજીવન હાઈટ્સ ખાતે ભાવિકાબેને સુંદર લાઈટવાળી ચણીયાચોળી પહેરી હતી.

ગાયત્રીનગર સોસાયટી, સેક્ટર-૨૭માં એક સરખા ટ્રેડિશનલ ડ્રેસમાં સજી-ધજીને વસાહતીઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. સોસાયટીઓમાં પણ ખેલૈયાઓ મન મુકીને ગરબાનો આનંદ માણી રહ્યા છે.

ગાંધી જયંતિના દિવસે શહેર જિલ્લા કોંગ્રેસના આગેવાનોને અટકાવાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિની સંયુક્ત યાદી જણાવે છે કે આજે તા. ૨જી ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધી જયંતી નિમિત્તે સવારે ૯ કલાકે નવા સચિવાલય ગુજરાત વિધાનસભાની સામે આવેલ પૂજ્ય મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો તે નિમિત્તે ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો અને કાર્યકરો પૂજ્ય મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલી કરવા જતાં નવા સચિવાલય ગેટ નં. ૧ આગળ પોલીસ દ્વારા રોકવામાં આવેલ હતા અને અંદર જવા દીધા ન હતા. પોલીસ દ્વારા કહેવામાં આવ્યું કે સરકારશ્રીનો આદેશ છે કે કોંગ્રેસના કાર્યકરોને અંદર જવા દેવા નહિ અને લેખિતમાં પુરાવો આપશો તો જ અંદર જવા દેવા દેવામાં આવશે તેમ જણાવેલ આ કાર્યક્રમ એક રાષ્ટ્રીય કાર્યક્રમ છે તેમ છતાં ભાજપ સરકારની તાનાશાહી અને આપખુદી વલણને કારણે કોંગ્રેસના કાર્યકરોને અંદર જવા દીધા ન હતા. ત્યારબાદ સચિવાલયના અધિકારીને રૂબરૂમાં વિનંતી કરતા ડીએસપી દ્વારા ટેલિફોન કરતાં અંદર જવા દેવાની મંજૂરી આપેલ હતી. આમ આજે ગાંધી જયંતીનો રાષ્ટ્રીય કાર્યક્રમ હોવા છતાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોને રોકવામાં આવેલ હતા.

સરકારી વિજ્ઞાન કોલેજમાં વિશ્વ વન્ય જીવન સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે વિશ્વ વન્ય જીવન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં દરરોજ વિવિધ વિષયો અંતર્ગત વિચારો રજૂ કરવામાં આવશે.

ગઈકાલે વન્યજીવ અને પ્રકૃતિ સંરક્ષણ અંગે વિચારો રજૂ કરાયા હતા. જેમાં સ્વચ્છ ભારત અભિયાનની જેમ વન્યજીવ સંરક્ષણ અભિયાન અંગે લોક જાગૃતિ લાવવી, જંગલમાં માનવ ખલેલને રોકવી જોઈએ, જંગલ વિસ્તારમાં પ્રાણીઓને પકડવા, મારવા અને શિકાર કરવા પર સખત પ્રતિબંધ અંગેના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા.